**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૫૮ ટકા

# શ્રાવણના પ્રારંભે જ ફળોના ભાવ બમણા

## ફળોના ભાવમાં ૨૦ થી ૫૦ રૂપિયાનો વધારો : શ્રાવણ મહિનાના ઉપવાસમાં ફ્રૂટ ખાવાં મોંઘાં પડશે

ગાંધીનગર, તા.૯

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે ત્યારે તહેવારોના કારણે ફ્રૂટનો વપરાશ પણ વધારે થાય છે તેના કારણે ફ્રૂટની માંગ વધી ગઈ છે અને માગમાં વધારાના કારણે ભાવમાં સતત ઉછાળો આવી ગયો છે.

એક તરફ પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ગયો છે જેથી બજારોમાં ફ્રૂટની માંગ વધી છે ત્યારે બીજી તરફ ઉપવાસના કારણે માંગ વધી છે. જે રીતે ફ્રુટના ભાવમાં વધારો થઈ રહ્યો છે તે જોતા લાગી રહ્યું છે કે શ્રાવણ માસના ઉપવાસ કરવા મોંઘા પડશે. શાકભાજી બાદ હવે ફ્રૂટના ભાવ વધતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ વખતે શ્રાવણ માસમાં સફરજનના કિલોના ૨૦૦ થી ૨૪૦ના ભાવ છે. જયારે કેળા ૫૦ના ડઝનના ભાવે મળી રહ્યા છે. ચીકુના કીલોના ૧૦૦ રૂપિયા, રાસબરી ૨૦૦ રૂપિયામાં, દાડમ ૮૦ રૂપિયાના ૫૦૦ ગ્રામ, પેરુ ૮૦ રૂપિયે કિલો, ખારેક ૬૦ રૂપિયે કિલો, પપૈયું ૫૦ રૂપિયા કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.

આ ભાવ વધારાના કારણે સામાન્ય લોકોને ફળોની ખરીદીમાં તકલીફ પડી રહી છે. દરેક ફ્રૂટ પર અંદાજે ૨૦ થી ૫૦ રૂપિયાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે.



જેના કારણે લોકોનું માનવું છે કે શ્રાવણ મહિનાના ઉપવાસમાં ફ્રૂટ ખાવા મોંઘા પડશે.

ફળોના ભાવ આસમાને પહોંચતા મધ્યમ વર્ગના મેનુમાંથી જાણે ફ્રૂટ તો ગાયબ થઈ ચુકયું છે. ભાવ જ એટલો વધી ગયો છે કે લોકોને ફ્રૂટ ખાવું પોષાય તેમ નથી. વેપારીઓ ખુદ કબૂલી રહ્યાં છે કે ભાવને લીધે ગ્રાહકો પર અસર થઈ છે. વેપારીઓ ભાવ વધારાની પાછળ પેટ્રોલ/ડીઝલના ભાવ વધારા અને ટ્રાન્સપોર્ટસને મુખ્ય કારણ ગણે છે. તેથી વ્રત અને તહેવારોને પણ હવે મોંઘવારી નડશે.

ફળોના ભાવ વધારાના કારણે મહિલાઓ-ગૃહિણીઓ નારાજગી વ્યકત કરી રહ્યા છે. ઉપવાસ અને પવિત્ર શ્રાવણ પર્વની ઉજવણી કરતા નાગરિકો પાસેથી વેપારીઓ ગેરવાજબી રીતે ભાવવધારો વસૂલતા હોય છે. સૌથી મોંઘા સફરજન મળી રહ્યા છે. કારણકે સફરજન, કાશ્મિર અને હિમાચલ જેવા સ્થળેથી આવે છે અને ઈમ્પોર્ટેડ સફરજન પહેલા ૧૦૦ રૂપિયો કિલો મળતા હતા તે આજે ૨૦૦ થી ૩૦૦ રૂપિયે કિલોના ભાવમાં મળે છે. જે ફળોની આવક ઓછી હોય છે તે ફળોનો ભાવ સૌથી વધારે હોય છે. હાલમાં વાયરસથી થતા રોગો વધી રહ્યા છે ત્યારે બીમાર લોકો માટે ફળો લેવા એ અઘરી વસ્તુ બની ગઈ છે.

# શહેરની સિવિલમાં એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૩૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૯

કોરોનામાંથી નાગરીકોને કળ વળી નથી, ત્યાં પાટનગરમાં મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉચક્યું છે. પાટનગરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા છે. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલ સહિત કલીનીક પર દર્દીઓની ભારે ભીડ જામે છે. શહેરની સિવિલમાં ગત તા.૨ થી ૮ દરમિયાન ડેન્ગ્યું -૩૦, તેમજ મેલેરીયા-૨૪ ચિકનગુનિયા-૩ અને ટાઈફોઈડ-૩ ના ત્રણ કેસ નોંધાયા છે. પાટનગરમાં મેલેરીયા અને ડેન્ગ્યું ના કેસ મોટીસંખ્યામાં સામે આવતા આરોગ્ય તંત્ર પણ દોડતુ થઈ ગયું છે.

શહેરમાં વરસાદ વરસ્યો નથી, પરંતુ શહેરમાં ઠેર-ઠેર કાદવ-કિચડ ગંદકી જોવા મળે છે. શહેરમાં ખદબદતી ગંદકી વચ્ચે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. ત્યારે શહેરમાં મચ્છરજન્ય રોગચાળાએ માજા મુકી છે. પાટનગરમાં ઘેર ઘેર બિમારના ખાટલા છે. સાંજ ઢળતા જ ડોકટરના કલીનીકની બહાર દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. વાઈરલ ફીવરના દર્દીઓની સાથે સાથે મેલેરીયા તેમજ ડેનગ્યુંના દર્દીઓ પણ વધુ જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં ગત તા.૨ થી ૮ ઓગસ્ટ સુધીમા સિવિલના ચોપડે દર્દીઓ નોંધાયા છે. જેમાં મેલેરીયાના-૨૪, ડેન્ગયુના-૩૦, ચિકનગુનીયાના-૩ અને ટાઈફોઈડના-૩ કેસનો સમાવેશ થાય છે. ત્યારે તંત્ર દ્વારા મેલેરીયા અને ડેન્ગ્યુને કાબુમાં કરવા માટે કવાયત હાથ ધરાઈ છે. પરંતુ ડેન્ગ્યુ ધીમે ધીમે પાટનગરને પોતાના ભરડામાં લઈ રહ્યું છે, તેમ છતા તંત્રના અધિકારીઓનું પેટનું પાણી હલતુ નથી તેમ લાગી રહ્યું છે.

# સુઘડથી તપોવન સર્કલ તરફના માર્ગ પર સોનાના દોરાની ચીલઝડપ

## રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં સ્કુટી પર જઈ રહેલા યુવકના ગળામાંથી પલ્સર ચાલકે સોનાના દોરાને ખેચી લઈ રાત્રીના અંધકારમાં પલાયન થઈ ગયો હતો

ગાંધીનગર, તા.૯

સુઘડ થી તપોવન સર્કલ તરફના માર્ગ પર રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં સ્કુટી પર જઈ રહેલા યુવકના ગળામાંથી પલ્સર ચાલકે સોનાના દોરાને ખેચી લઈ રાત્રીના અંધકારમાં પલાયન થઈ ગયો હતો. બનાવ અંગે યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસ આગળની વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુઘડ અગોરા મોલ નજીક પેટલ જે-૨૦૨ પાર્શ્વનાથ એટલાન્ટિક પાર્ક ખાતે ૨૯ વર્ષિય મધુર મેઘરાજભાઈ માલાની સિનિયર એરક્રાફટ મેઈટેનન્સ એન્જીનિયર તરીકે વિસ્તારા એરલાઈન્સ અમદાવાદ ખાતે પોણા ત્રણ વર્ષથી ફરજ બજાવુ છું. ગત તા.૮ ના રોજ સાંજના સુમારે મધુરભાઈ તેમજ તેમના પત્નિ સાથે સ્કુટી નં.એમ.એચ.૪૦.એ.વી.-૬૩૭૨ લઈ અગોરામોલ ખાતે પિકચર જોવા માટે ગયા હતા. પિકચર જોઈને પરત હોટલમાં જમીને રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે સ્કુટી પર ઘર તરફ પતિ-પત્નિ જઈ રહ્યા હતા. તે સમયે સુઘડ થી તપોવન સર્કલના માર્ગ પર બ્લેક કલરના પલ્સર બાઈક પર આવેલા શખ્સે પાછળની બાજુથી ગળામાં રહેલી સોનાની ચેઈન ખેંચીને ભાગી ગયો હતો. રાત્રીના સમયે યુવકે હોહા કરતા સ્થાનિક વ્યકિત એકઠા થઈ ગયા હતા. પરંતુ ગણતરીની સમયમાં ચેઈન સ્નેચર અંધારામાં પલાયન થઈ ગયો હતો. યુવકે એક તોલાની પ્લેન ડીઝાઈનવાળી અંદાજીત રૂ.૫૦ હજારની કિંમતની સોનાની ચેઈન અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.

# સે-૧૩ની ઝુંપડપટ્ટીમાં વરસાદી પાણીના ભરાવાથી રોગચાળાનો ભય

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર કોર્પોરેશનની હદમા નવનિર્મિત હોટેલ લીલાની અડીને સેક્ટર-૧૩ના ઝૂંપડામાં છેલ્લા કેટલાક દિવસોથી તાવના કેસોમાં ઉછાળો નોંધાઈ રહ્યો છે. ચોમાસાના વરસાદ બાદ જમીનનું લેવલ નીચું હોવાના કારણે ત્યાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ રહે છે જેના કારણે માખી-મચ્છરનો ઉપદ્રવ વધવાથી મચ્છરજન્ય રોગચાળો ફેલાઈ રહ્યો છે. આ વિસ્તારના વસાહતીઓમાં હજી પણ કોરોનાનો ભય ઓસર્યો નથી જેના કારણે તેઓ હોસ્પિટલ જવાનું ટાળી રહ્યા છે જેથી આ વસાહતીઓના માથે રોગચાળાનનું જોખમ તોળાઈ રહ્યું છે. આ બાબતની જાણ થતાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તુષાર પરીખ તથા નગીનભાઈ નાડીયાએ વસાહતીઓ વચ્ચે જઈ આ બાબતનું નિરાકરણ લાવી આપવા માટે આશ્વાસન આપ્યું હતું અને તેના સંદર્ભમાં આપના વોર્ડ નં.૬ના ઉમેદવારો દ્વારા કોર્પોરેશનના મેડિકલ ઓફિસર કલ્પેશ ગૌસ્વામીને લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી.

# વિશ્વ આદિવાસી દિવસની વૃક્ષારોપણ થકી ઉજવણી



ગાંધીનગર ખાતે શહેરના પ્રકૃતિ પ્રેમી આદિવાસી સમુદાયના શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા તા.૯મી ઓગસ્ટે ૨૭માં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિતે આલમપુર ખાતે સમાજના નિર્માણાધિન શૈક્ષણિક સંકુલના સ્થળે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજના અગ્રણીઓ નિવૃત સંયુક્ત સચિવ નામદેવ વરસાત, નિવૃત નાયબ કલેક્ટર પી. કે. મોડિયા, નિવૃત નાયબ કલેક્ટર મંગુભાઈ અસારી, નાયબ નિયામક - હિસાબ લક્ષમણભાઈ, તેમજ દાહોદ, પંચમહાલ અને મહીસાગરના આદિવાસી સમાજના પ્રમુખ વી. આર. ચારેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૯

હિન્દુસ્તાન સ્કાઉટ ગાઈડ એસોસિએશન દ્વારા મેગા ટ્રી પ્લાન્ટેશન ૨૦૨૧ પ્રતિયોગીતા અંતર્ગત સમર્પણ પબ્લિક સ્કૂલ સેકટર-૨૮ ખાતે વૃક્ષારોપણ કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન અનિલ પ્રથમ, મહેન્દ્રસિંહ વાઘેલા, તુષાર રાવલ, દધિચી ગોર, દીપક વ્યાસ, સ્કૂલના આચાર્ય અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.


# સેકટર-૨૬ ગ્રીનસીટી દ્વારા સફાઈ કર્મીઓનું સન્માન



ગાંધીનગર, તા.૯

ગ્રીનસીટી સેકટર-૨૬ના રહીશો દ્વારા પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે સોસાયટીના રસ્તા ખુલ્લી જગ્યામાં સફાઈ કરતા મનપાના સફાઈ કર્મીઓનું સન્માન કરાયું હતું. રહીશોએ જગતના કલ્યાણકારી દેવ ભોળાનાથ મહાદેવને સમગ્ર વિશ્વમાં સૌની રક્ષા કરે, નિરોગી રહે, સુખ શાંતિમય જીવન પ્રદાન કરાવે તેવી પ્રાર્થના સાથે સૌને શુભેચ્છા પાઠવી હતી.

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ઉદીશા પ્રકલ્પ અંતર્ગત સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા.૯

રાજયનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા કેસીજી (અમદાવાદ)નાં ઉપક્રમે કોલેજનાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ ને યોગ્ય કારકીર્દી માર્ગદર્શન મળી રહે તે હેતુ થી ઉદીશા પ્રકલ્પ કાર્યરત છે. જેના અનુસંધાને સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા 'SCIENCE IN DAILY LIFE' વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (આણંદ)નાં રસાયણશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષ ડો. ડી. કે. રાવલનું ઓનલાઈન વ્યાખ્યાન આયોજીત કરાયું હતું. કોલેજનાં આચાર્યશ્રી ડૉ. મહેન્દ્ર જી. ભટ્ટ એ પ્રસંગોચિત ઉદબોધન કરતા વિદ્યાર્થીઓને જણાવ્યું કે કારકિર્દીના શ્રેષ્ઠ ઘડતર માટે યોગ્ય વ્યવસાયિક તાલીમ કેટલી જરૂરી છે. ડો. ડી. કે. રાવલ એ વિદ્યાર્થીઓને **Basic science** માં કઈ રીતે કારકિર્દી બનાવી શકાય તે અંગે ઝીણવટ ભરી છણાવટ કરી હતી. ઉદીશા પ્રકલ્પનાં કો-ઓર્ડીનેટર ડો. જિજ્ઞાસા ઠુંમરે ઉદીશા પ્રકલ્પ નો હેતુ તથા તેની કામગીરી વિષે માહિતી આપી હતી. કમીટીનાં સહ કો-ઓર્ડીનેટર પ્રોફ. વિવેક દવેના સંકલન સાથે સમિતિનાં સભ્ય ડૉ. મયુરી બારોટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન, ડો. દિપેનકુમાર ગાંધી એ આમંત્રિત નિષ્ણાંતનો પરિચય અને ડો. પૂજા શર્માએ કાર્યક્મની આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજનાં અધ્યાપકો સહિત લગભગ ૧૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે બોરીયા-બકલના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે ફળ-ફૂલ-શાકભાજીના હિંડોળા યોજાશે.




ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લીહોડા ગામે શ્રી ગાયત્રી વિદ્યામંદિર ખાતે શાળા પ્રટાંગણમા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ ધોરણ ૯ અને ૧૦ દરેક વિદ્યાર્થીઓને રોપાઓનું વિતરણ કરીને તેમનુ જતન કરવાની પ્રતિજ્ઞા લેવડાવામા આવી હતી.

# જે.બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન પ્રવૃત્તિ



ગાંધીનગર, તા.૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૩ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં અનાજ કઠોળમાંથી રાષ્ટ્રધ્વજ તેમજ વિવિધ ડિઝાઈન બનાવવાનું આયોજન કરાયું હતું. આ પ્રવૃત્તિમાં ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



આરતીબેન ભટ્ટ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ કલબ



ભરત દેસાઈ
કેમ્પસ મેનેજર, ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮



ખ્યાતિ યમરાજ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૪૪૮૭૬



રસિકભાઈ જે ગાંધી
મો. ૯૪૨૬૫ ૬૯૪૭૫



દિનાબેન ભટ્ટ
લાયોનેસ કલબ



બિપીનભાઈ કે ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



દિશાબેન જણસારી
લાયોનેસ કલબ



જય પટેલ



સોલંકી ફાલ્ગુનીબેન ડી



હર્શિવ નયન રત્નાકર



ચૌહાણ શ્વેતા શાંતિલાલ
મો. ૬૩૫૨૩૯૬૩૫૯



હીર પંકજકુમાર આગજા



યશરાજ ધર્મેન્દ્ર કાપડિયા
મો. ૯૪૨૭૦ ૦૬૩૫૭



પારૂલબેન એન. ત્રિવેદી

# એસ.જી. અને એસ.વી. શાળામાં ઓનલાઈન વૃક્ષારોપણ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત શાળામાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય તે હેતુથી ઓનલાઈન માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ વાલીના સહયોગથી ખૂબ સારો સહકાર આપ્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પરમાર દુધાભાઈ ભાણજીભાઈ, ઉ.વ. ૭૫, સેકટર-૭
- સ્વ. વાઘેલા રતનસિંહ હેમતુસિંહ, ઉ.વ. ૫૩, લેકાવાડા
- સ્વ. પટેલ ધર્મીષ્ઠાબેન ધીરૂભાઈ, ઉ.વ. ૬૩, સેકટર-૨૮
- સ્વ. ખાવડીયા ગંગાબેન માલાભાઈ, ઉ.વ. ૯૦, સે-૨૪ ઈન્દીરાનગર